

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રી મહોત્સવ-૨૦૧૨ અનેક રીતે યાદગાર બની રહ્યો હતો. શાંત, સુરક્ષિત, સંસ્કારી વાતાવરણમાં ભવ્યાતિભવ્ય નવરાત્રી ઉપરાંત વિદેશી મહેમાનોનું દરેક નોરતે આગમન, રાજકીય મહાનુભાવોની ગેરહાજરી, વિશાળ એલઈડી સ્ક્રીનનો ઉપયોગ અને ગીત-સંગીતની ન ભુલી શકાય એવી સંગત ગરબા રસિકોને કાયમી યાદ રહી જશે. એ ઉપરાંત છેલ્લા નોરતે સંસ્થાએ જે કામ કર્યું છે એ માટે એ ખરેખર સલામને લાયક છે. ગાંધીનગરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને સન્માન અર્પણ કરી એમને પ્રોત્સાહન કરવાનો જે પ્રયાસ સંસ્થાએ કર્યો છે એ પણ ગાંધીનગરના ઈતિહાસની યાદગાર ઘટના છે. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર સે. ૧૨ ખાતે રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સરદાર પટેલ જયંતિના ઉપક્રમે જી.એસ.સી.ટી., બલરામ ભવન, ઘ-૪, સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે તા. ૩૧મી ઓક્ટોબર-૨૦૧૨ને બુધવારે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ધ હેલ્પીંગ હેન્ડસ્ દ્વારા સરદાર પટેલ જયંતિ નિમિત્તે તા. ૩૧મી ઓકટોબરે સેક્ટર-૧૨ના જી.એસ.ટી.સી. ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રક્તદાતાઓને ઉપસ્થિત રહી રક્તદાન કરવા આયોજકો દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ દિવસે સ્વાતંત્ર સેનાનીઓને લગતી વક્તૃત્વ સ્પર્ધા પણ યોજવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિઓએ મો. નં. ૯૬૦૧૧૧૨૪૧૧ પર સંપર્ક કરવા ધ હેલ્પીંગ હેન્ડસના પાર્થ ઠક્કર દ્વારા જણાવાયું છે.

## વિટકોસ દ્વારા રોજિંદા મુસાફરો માટે દશેરા ભેટ પાસ રાહતમાં વધારો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી શહેરી બસ સેવાનું વિટકોસ દ્વારા સંચાલન થાય છે. દિન-પ્રતિદિન તેની સુવિધામાં વધારો કરવા પ્રયત્નશીલ છે. આજે વિજયાદશમીના દિવસે રોજિંદા મુસાફરો માટે ૩૦ ટકા કન્સેશન આપવામાં આવશે. અગાઉ ૨૦ ટકા કન્સેશન હતું જેમાં ૧૦ ટકાનો વધારો આપેલ છે. જે આમ આદમી માટે રાહત રૂપ રહેશે.

# દિવાળી પૂર્વે મુબઈથી નવું જેટીંગ મશીન આવી જશે

## ગટર ઉભરાવાની સમસ્યાનો ત્વરિત નિકાલ આવશે

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં ગટર સફાઈની યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવા તંત્ર દ્વારા નવું જેટીંગ મશીન ખરીદવા મુંબઈની એક કંપનીને ઓર્ડર આપી દેવાયો છે. દિવાળી પૂર્વે નવું નશીન આવી પણ જશે જેથી સેકટરોમાં ગટરલાઈન ચોક અપ થવાની ફરિયાદોનું ત્વરિત નિરાકરણ આવશે.

શહેરના સેકટરોમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો છાશવારે ઉદભવે છે. સેકટરોમાં ગટરોનું દુષિત પાણીનો માર્ગ વચાળે ભરાવો થતા સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવતા હોવાનો આક્રોશ આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બને છે. આવા સંજોગોમાં સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કચેરીથી પણ હાથ ઉંચા કરી લેવાતા નાગરિકોએ લાંબા દિવસો સુધી સમસ્યાના ઉકેલ માટે ધક્કા ખાવા પડે છે. ગટરલાઈનની સફાઈ માટે તંત્રકક્ષાએ હાલ ત્રણ જેટીંગ મશીનો છે. અઢી દાયકા જૂના આ મશીનો પૈકી એક બિનઉપયોગી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા નવું જેટીંગ મશીન ખરીદવાનો નિર્ણય લેવાયો છે. અંદાજિત રૂ. ૨૨ લાખના ખર્ચે નવું મશીન ખરીદવા મુંબઈની કંપનીને ઓર્ડર આપી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દિવાળી પૂર્વે નવું જેટીંગ મશીન આવી જશે. જેટીંગ મશીનથી સુવિધા ઉપલબ્ધ થતા સેકટરમાં ઉભરાતી ગટરોની સમસ્યાનું સમયસર નિરાકરણ આવશે.

## સકસેના બ્રધર્સે તરણ સ્પર્ધામાં મેળવ્યા સુવર્ણપદક અને કાંસ્ય પદક

ગાંધીનગર, તા. ૨૪

કેન્દ્રીય વિદ્યાલય સંગઠન દ્વારા કાનપુર ખાતે તાજેતરમાં તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તરણ સ્પર્ધામાં ગાંધીનગરના બે ભાઈઓ સર્વશ્રી નિહાલસિંહ સકસેના અને કુન્દનસિંહ સકસેનાએ સુવર્ણપદક અને કાંસ્યપદક હાંસલ કરી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ગાંધીનગરના નિહાલસિંહ સકસેનાએ અંડર-૧૯ તરણ સ્પર્ધામાં ત્રણ સુવર્ણપદક પ્રાપ્ત કરી નવો કીર્તિમાન રચ્યો છે. જ્યારે તેના નાનાભાઈ કુન્દન સકસેનાએ અંડર-૧૪ તરણ સ્પર્ધામાં કાંસ્યપદક પ્રાપ્ત કરી સમાજનું અને નગરનું નામ રોશન કર્યુંછે. નિહાલસિંહે અંડર-૧૯માં મેળવેલા ત્રણ સુવર્ણપદકને લીધે તેની પસંદગી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં થઈ છે. જે નવેમ્બર માસમાં યોજાશે. સકસેના બ્રધર્સની સિદ્ધિ બદલ તેમને અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલમાં નવરાત્રી મહોત્સવ

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ લેકાવાડામાં નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવ્યો. કે.જી.થી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ગરબા હરીફાઈમાં વિદ્યાર્થીઓના નિર્ણાયક તરીકે શિક્ષકો, શિક્ષકોના નિર્ણાયક તરીકે વિદ્યાર્થીઓએ ફરજ બજાવી હતી. વિજેતાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકો બાબતે પ્રતિબંધાત્મક આદેશ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી ૨૦૧૨ તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાનાર છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધ ઉભા થાય અથવા વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય અને તે રીતે ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય, તે શક્યતા નિવારવા ચૂંટણી મથકો ઉભા કરવા ઉપર વ્યાજબી પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા ૧૭-૧૨-૧૨ના રોજ મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ હુકમમાં નીચે મુજબનો અપવાદ છે.

લોકપ્રતિનિધિ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઈઓ તથા ભારતના ચૂંટણીપંચની પ્રવર્તમાન સુચનાઓના સંદર્ભે મતદારોને અવિધિસર ઓળખ કાપલીઓ માત્ર માર્ગદર્શનના હેતુ સારૂ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારૂં મતદાન મથકથી ૨૦૦મીટરથી દૂરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ એમને તડકા/ વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના વિભાગમાં તાડપત્રી કે છત્રીની વ્યવસ્થા કરી શકશે. કંતાન વગેરેથી ઢાંકી શકશે નહીં. આવા ટેબલની આસપાસ ટોળું ભેગું થવું જોઈએ નહીં. આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારે પોતે જ્યાં આવા મથકો ઉભા કરવા માગે છે તે ચૂંટણી મથકોના નામ અને ક્રમ વિશેની માહિતી સંબંધકર્તા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી લેખિતમાં આપવાની રહેશે. આવા મથકો ઉભા કરતાં પહેલાં સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સક્ષણ સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી અગાઉથી મેળવેલ હોવી જોઈએ અને બુથ સંભાળતી વ્યક્તિઓ પાસે આવી પરવાનગી અસલમાં ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસર અવિધિસર આએલક કાપલીઓ ભારતના ચૂંટણીપંચની સુચનાઓ અનુસાર જ છપાયેલી હોવી જોઈએ અને તેના પર ઉમેદવારનું નામ અથવા ચિહ્ન અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ તેમજ આવા દરેક બુથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરવા ૩ ફૂટની લંબાઈ તથા ૧.૫ ફૂટની પહોળાઈવાળું ફકત એજ બેનર ઉપયોગમાં લઈ શકશે. તેમજ એકજ મકાનમાં એક કરતાં વધાર મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હશે તો પણ ઉમેદવાર એક જ મથક આવા મકાનથી ૨૦૦મીટરથી દૂરના અંતરે રાખી શકશે.

# સંસ્થાઓને નોટીસ અપાયા બાદ સર્કલોની દરકાર લેવા કામ શરૂ

## માર્ગોના સેન્ટ્રલ વર્જ અને સાઈડ સોલ્ડર્સની પણ સફાઈ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સર્કલોને ઉજ્જડ બનતા અટકાવવા તંત્ર દ્વારા સંસ્થાઓને નોટીસ અપાયા બાદ જવાબદાર એજન્સીએ સર્કલોની દરકાર લેવાની ગતિવિધિઓ હાથ ધરી છે. આ ઉપરાંત તંત્ર દ્વારા પણ મુખ્યમાર્ગના સેન્ટ્રલ વર્જ અને સાઈડ સોલ્ડર્સની સફાઈ હાથ ધરવામાં આવી છે.

શહેરના વિવિધ માર્ગો પર સ્થિત સર્કલોને નવારૂપરંગ આપવા ૮ વર્ષ અગાઉ વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. ખાનગી સંસ્થાઓ મારફતે નગરના સર્કલોને વિકસાવાયા બાદ મુખ્ય માર્ગો પરના સર્કલો નગરની આગવી ઓળખ સમાન બની ગયા છે. જો કે માર્ગ નવીનીકરણના અંતે 'ગ' અને 'ખ' માર્ગ પર અસ્તિત્વમાં આવેલા નવા સર્કલોને વિકસાવવા પણ તંત્રને સંસ્થાઓ મારફતે દરખાસ્ત મળી છે. પરંતુ હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. બીજી તરફ સંસ્થાઓ દ્વારા વિકસિત સર્કલોની યોગ્ય રીતે જાળવણી ન થતા ઉજ્જડ બનતા સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના અંતે પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરના મુખ્ય ૭ જેટલા સર્કલોની યોગ્ય જાળવણી લેવા વિવિધ સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી. જેમાં બેદરકાર સંસ્થાઓ હસ્તકના સર્કલો પરત લઈ લેવા પણ જણાવાયું હતું. જો કે તંત્રની નોટીસના અંતે તુરંત જ સર્કલ સુધારણાનું કામ શરુ કરી દેવાયું છે. વધુમાં નગરના માર્ગોના સેન્ટ્રલ વર્જ તેમજ સાઈડ સોલ્ડર્સની પણ તંત્ર કક્ષાએ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે.

## સેક્ટર-૩ જૈન દેરાસર ખાતે 'બકરી ઈદ'ના આયંબિલ

ગાંધીનગર, તા. ૨૪

સમગ્ર વિશ્વમાં માનવના શોખને પોષવા માટે અનેક અબોલ જીવોની હિંસા થતી હોય છે. બકરી ઈદના દિવસે વિશેષ પ્રમાણમાં અબોલ પ્રાણીઓની હિંસા થતી હોય છે. આવી હિંસા અટકાવવા માટે બીજું કંઈ ના કરી શકીએ તો પણ શાસ્ત્રમાં સૂચવ્યા પ્રમાણે આયંબિલનું વ્રત (બાફેલું જમવાનું) તેમજ સફેદમાંસના પ્રતિકરૂપે સફેદ વસ્તુ ખોરાકનો ત્યાગ કરવાથી અબોલ જીવોને સદ્‌ગતિ મળશે. તે દિવસ આયંબિલ કરવાનું ખાસ મહત્ત્વ છે. સંઘ તરફથી આયંબિલ બકરી ઈદના દિવસે કરાવવામાં આવશે. જેમની ઈચ્છા આ લાભ લેવાની હોય તો અગાઉથી નામ નોંધાવવા ફોન: ૨૩૨ ૨૩૩૧૧૫૨ સંપર્ક કરવા જણાવેલ છે.

## શહેરમાં ટપાલ સેવાને અનુલક્ષી બે નવી ફ્રેન્ચાઈઝી અપાશે

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં ટપાલ સેવાનો વ્યાપ વધારવા પોસ્ટ વિભાગ દ્વારા સે-૩ અને સે-૨૬માં નવી ફ્રેન્ચાઈઝી આપવામાં આવશે. ટપાલ સેવાને ઝડપી અને અસરકારક બનાવવાના આ નવતર અભિગમ અન્વયે આગામી તા. ૩૦ નવેમ્બર સુધી વિભાગને અરજી મોકલવાની રહેશે.

ગાંધીનગર પોસ્ટ ડિવીઝનના સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે શહેરમાં ટપાલ સેવાનો વ્યાપ વધારવા નવી બે ફ્રેન્ચાઈઝી પોસ્ટ ઓફીસ શરુ કરવાનો નિર્ણય લેવાયો છે.

તેમણે જણાવ્યું છે કે સે-૩ અને સે-૨૬માં આ ફ્રેન્ચાઈઝી ઓફીસ ખોલવામાં આવશે. પોસ્ટ વિભાગની ફ્રેન્ચાઈઝી મેળવવા માટે રસ ધરાવતા અરજદારોએ જરુરી રોકાણ કરવાનું રહેશે. જયારે આ માટે ચાલ-ચલગતની ખરાઈ અંગે ફ્રેન્ચાઈઝી વિસ્તારના બે આગેવાનોના દાખલા બિડવાના રહેશે. કોમ્પ્યુટરના જાણકાર તેમજ ધો-૧૨થી વધુ અભ્યાસ ધરાવતા હોય તેવા અને પોસ્ટ ઓફિસને લાયક પોતાની અથવા ભાડાની જગ્યા ધરાવતા અરજદારોને આગામી તા. ૩૦ નવેમ્બર સુધીમાં અરજી મોકલી આપવા જણાવાયું છે. જયારે અરજી સંદર્ભેનો નમૂનો પણ પોષ્ટ કચેરીઓમાંથી મળી રહેશે તેમ પણ જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩
સૂર્યાસ્ત : ૬.૦૬

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૧૫, ૩.૧૫, ૯.૩૦
ઈંગ્લીશ વિંગ્લીશ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
શુદ્ર : ૧૦.૦૦, ૫.૦૦
ઐય્યા : ૧૨.૦૦
દિલ્હી સફારી : ૩.૦૦
મખ્ખી : ૭.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
દિલ્હી સફારી (૩ડી) : ૧૨.૩૦, ૫.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૫.૧૫
ઈંગ્લીશ વિંગ્લિશ : ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લિશ : ૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૮.૩૦, ૧૧.૨૦, ૨.૦૫, ૪.૫૦, ૭.૩૫, ૧૦.૨૦

### સૂર્યા, વાવોલ

મખ્ખી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કોઈનું સિંદુર કોઈના માથે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫
ભૂત રીટર્ન : ૨.૦૦, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૧૫
મખ્ખી : ૯.૪૫

### ચિરાગ, કલોલ

ચુંદડીના સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે. સમય શુભ.

**વૃષભ** : તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

**મિથુન** : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

**કર્ક** : જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળશે. વરિષ્ઠ સામાજિક વ્યક્તિઓથી વિવાદ થઈ શકે છે.

**સિંહ** : કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**કન્યા** : માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે . અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે.

**તુલા** : અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી.

**ધન** : જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મકર** : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદઢ બનશે.

**મીન** : કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. સત્સંગ થશે.

## ચિરવિદાય

- સ્વ. શંકરભાઈ આત્મારામ પ્રજાપતિ (ઉ.વ. ૬૫) મુ.પો. સોનીપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. અમૃતલાલ મોહનલાલ વાઘેલા (ઉ.વ. ૬૭) પ્લોટ નં. ૩૮૮/૧, સેકટર-૨/બી, ગાંધીનગર.